# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2023** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIBRANT SUMMIT 20 YEARS

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આજે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમ યોજાયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની વેપાર ઉદ્યોગ ક્ષેત્રની સફળ વિકાસ ગાથાનો પરિચય આપીને દેશના અગ્રણી ઉદ્યોગ સંચાલકોને વાઇબ્રન્ટ સમિટમાં સહભાગી થવા અને ગુજરાતમાં રોકાણો કરવાનું આમંત્રણ આપ્યું છે.

મુખ્યમંત્રીએ ગિફ્ટ સિટી- ધોલેરા SIR - ગ્રીનફિલ્ડ પોર્ટ્સ - ડ્રીમ સિટી - અમદાવાદ મુંબઈ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ જેવા મહત્વના પ્રોજેક્ટ્સની વિગતો આપીને વિકસિત ભારતનું લક્ષ્ય સિધ્ધ કરવા ગુજરાત સજ્જ હોવાનું જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતે પાછલા બે દસકાથી ભારતના વિકાસના ચાલક બળ તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને આ પ્રતિષ્ઠા અપાવવામાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની મહત્વપૂર્ણ ભૂમિકા છે..

મુખ્યમંત્રીએ કહ્યું કે, ઉદ્યોગોને સાનુકુળ નિતી, ઉદ્યોગો સરળતાથી કામગીરી કરી શકે તેવું વાતાવરણ, રોકાણકારો તરફી અભિગમ અને મજબૂત ઓદ્યૌગિક માળકીય સુવિધાઓના પરિણામે ગુજરાત રોકાણ માટેની પહેલી પસંદગી બન્યું છે. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી હૈદરે ગુજરાતની સર્વગ્રાહી વાઈબ્રન્ટ વિકાસ ગાથાનું પ્રેઝન્ટેશન રજુ

કર્યું હતું. આર્સેલર મિત્તલના અને મારુતિ સુઝુકીના વડા સહિત ગુજરાતના અગ્રણી ઉદ્યોગકારોએ રાજ્યના પોતાના અનુભવો જણાવ્યા હતા.

આ કર્ટેન રેઈઝર બેઠકમાં વિવિધ ક્ષેત્રના દોઢ હજાર ઉપરાંત રોકાણકારો, ઉદ્યોગકારો સહભાગી થયા હતા.

. . . . . . . . . . . . . . . . .

# CM- DELHI

વિશ્વમાં ટોચની પાંચ કંપનીઓમાં સ્થાન ધરાવતી સિઓલ સેમિકન્ડક્ટરના કન્ટ્રી હેડ ડી.જે. કીમે ગુજરાતમાં પોતાનો પ્લાન્ટ શરૂ કરવાની તત્પરતા વ્યક્ત કરી છે.

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પૂર્વાર્ધ રૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે દિલ્હીમાં 13 જેટલા અગ્રણી ઉદ્યોગકારો અને રોકાણકારો સાથે કરેલી મંત્રણા દરમિયાન શ્રી કીમે ગુજરાતમાં પ્લાન્ટ શરૂ કરવાની તત્પરતા દર્શાવી હતી.

આ વાતચીતમાં મુખ્યમંત્રીએ ગુજરાત સેમિકન્ડક્ટર ઉત્પાદનનું કેન્દ્ર બનવા સજ્જ બન્યું છે તેની વિગતો આપી હતી તેમજ ગુજરાતની સેમિકન્ડક્ટર પોલીસી 2022-27 અન્વયે અપાતા પ્રોત્સાહનોની પણ વિસ્તૃત સમજ આપી હતી.

માઇક્રોન જેવી સેમિકન્ડક્ટર ક્ષેત્રની વિશ્વખ્યાત કંપનીએ તાજેતરમાં સાણંદ ખાતે પ્લાન્ટનું ભૂમિ પૂજન કર્યું છે તેની પણ આ બેઠકમાં ચર્ચા થઇ

હતી. મુખ્યમંત્રીશ્રીએ સિઓલ સેમિકન્ડક્ટરના કન્ટ્રી હેડને વાઇબ્રન્ટ સમિટ-2024માં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

## SHRAMIK KENDRA

રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ના અંત સુધીમાં ગુજરાતમાં કુલ ૧૫૦ કડીયાનાકાઓ પર નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લીધો છે. નવા કેન્દ્રો દ્વારા દરરોજ અંદાજે ૨૫ હજાર કરતાં વધુ શ્રમયોગીઓને યોજનાનો લાભ મળશે. આ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં 51 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં અત્યારે ૧૦ જિલ્લામાં કુલ ૧૧૮ કડિયાનાકાઓ ખાતે આ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. આ ઉપરાંત જે બાંધકામ સ્થળ ખાતે ૫૦થી વધુ શ્રમિકો હોય તેવી બાંધકામ સાઈટ પર જઈને સ્થળ ઉપર જ ભોજન વિતરણ કરવામાં આવે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના શરુ થઇ ત્યારથી લઇ વર્ષ ૨૦૨૦ સુધીમાં કુલ ૧ કરોડથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ કરવામાં આવ્યું છે.

શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત માત્ર ૫ રૂપિયામાં શ્રમિક પરિવારને રોટલી, શાક, સહિતનું સ્વાદિષ્ટ પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે. વધુમાં સપ્તાહમાં એક વાર સુખડી કે શીરા જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . .

## AMRUT KALASH YATRA

અરવલ્લી જિલ્લામાં "મારી માટી, મારો દેશ" અંતર્ગત કળશ યાત્રા યોજવામાં આવી હતી. મોડાસા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો તથા અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભિખુસિંહ પરમાર પણ આ કળશ યાત્રામાં જોડાયા હતા..

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણમાં "મારી માટી- મારો દેશ" અભિયાન અંતર્ગત અમૃત કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાષ્ટ્રીય સેવા યોજનાના યુનિટ ધરાવતી પાંચ કોલેજના ૧૦૦ જેટલા સ્વયં સેવકો જોડાયા હતા અને પંચ પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે શૈક્ષણિક સંસ્થાઓ પણ વધુમાં વધુ વૃક્ષારોપણ કરે તેવી અપીલ સાથે કોલેજોને રાજ્યની દુર્લભ વનસ્પતિના બીજ આપવામાં આવ્યા હતા. આ બિજનું વાવેતર કોલેજના પ્રાંગણમાં કરી યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

## JAMNAGAR- TAPU PRAVESH

જામનગર જિલ્લાના 11 ટાપુઓ પર પ્રવેશ કરવા અંગે આગામી ત્રીજી ડિસેમ્બર સુધી પ્રતિબંધ જાહેર કરાયો છે. જામનગર અધિક જિલ્લા

મેજિસ્ટ્રેટે આ તમામ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું આપ્યું છે. આ જાહેરનામાનો ભંગ કરનારી વ્યક્તિ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અમારા જામનગરના પ્રતિનિધી જગત રાવલના જણાવ્યા પ્રમાણે, જામનગર જિલ્લામાં કુલ 11 દરિયાઈ ટાપુઓ આવેલા છે. જે પૈકી માત્ર 1 પીરોટન ટાપુ પર જ માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા વ્યક્તિઓ સહેલાઈથી આશ્રય મેળવે છે.

. . . . . . . . . . . . . . . . .

## TRAIN CANCELLED

નાગપુર રેલ્વે વિભાગમાં રાજનંદગાવ અને કલમના રેલ્વે સ્ટેશન વચ્ચે ત્રીજા રેલમાર્ગની કામગીરીના કારણે પોરબંદરથી સંતરાગાછી ટ્રેનની બે ટ્રીપ રદ રહેશે. તેરમી ઓક્ટોબરે પોરબંદરથી સંતરાગાછી જનારી અને 15મી ઓક્ટોબરે સંતરાગાછીથી પોરબંદર આવતી સુપરફાસ્ટ ટ્રેન રદ રહેશે.

. . . . . . . . . . . . . . . . .

# MEHSANA- CASH CREDIT

મહેસાણાના કડી તાલુકાની 31 સખી મંડળને મિશન મંગલમ યોજના હેઠળ 41 લાખ રૂપિયાની સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું. તાલુકા પંચાયત હોલ  ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કડીના ધારાસભ્ય કરશન સોલંકી સહિત મોટી સંખ્યામાં સખી મંડળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . .